सत्यमेव जयते

**રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,**
**બ્લોક નં.૧, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

# રોજગાર સહાય કેન્દ્ર (RSK) શરૂ કરવા બાબત

રાજયમાં રોજગાર સેવાઓના સધન વિસ્તરણ માટે સરકારે ખાનગી ક્ષેત્રના સહયોગથી રાજયભરમાં રોજગાર સહાય કેન્દ્રો સ્થાપવાની યોજના અમલમાં મુકેલ છે. જો આપ સ્નાતક અને કોમ્પ્યુટરના જાણકાર હો તેમજ આપના ગામ કે શહેરમાં સારા ધંધાકીય વિસ્તારમાં ૧૦૦ ચો.ફુટ કે તેથી વધુ જગ્યામાં દુકાન / ઓફીસ ધરાવતા હો અને તેમાં કોમ્પ્યુટર, ટેલીફોન, ઈન્ટરનેટ, સ્કેનર, પ્રિન્ટર જેવા સાધનો ધરાવતા હો તો સરકાર માન્ય રોજગાર સહાય કેન્દ્ર શરૂ કરી પુરક આવક મેળવી શકો છો. આ યોજના હેઠળ વ્યકિતગત અરજદારો ઉપરાંત ટ્રસ્ટ વિગેરે જેવી સંસ્થાઓ પણ આવા કેન્દ્રો શરૂ કરી શકશે.

રોજગાર સહાય કેન્દ્ર શરૂ કરવા અંગેનું અરજી પત્રક તારીખઃ ૬/૩/૨૦૦૩ થી તારીખઃ ૨૦/૩/૨૦૦૩ સુધીમાં રૂા. ૧૦૦/– ભરવાથી રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી તથા સબંધિત જિલ્લા રોજગાર કચેરીઓ પાસેથી મળી શકશે. જે સંપુર્ણ વિગતો સહિત ભરીને તારીખઃ ૨૧/૦૩/૨૦૦૩ના બપોરના ૧૬ કલાક સુધીમાં આ કચેરીને રૂબરૂમાં કે રજી. પોષ્ટથી પરત કરવાના રહેશે.

આ અંગેની વધારે વિગત તથા માહિતી માટે આ કચેરીની વેબ સાઈટ **www.talimrojgar.org** અથવા **http://talimrojgar.guj.gov.in** ઉપર ''**RSK**'' મોડયુલ ખોલવાથી જોઈ શકાશે.

નિયામક